અપીલ અરજી નં.૪૦૫ તા.૧૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત એચ. વરીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાનીતા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હાલ જે શીતલ કોમ્પ્લેક્ષની બાજુમાં એપાર્ટમેન્ટનું કામ છે તે માલીકનું નામ અને સરનામુ મુદ્દા નં.(૨) આ જે જગ્યા પર એપાર્ટમેન્ટનું કામ ચાલે છે. તેનો પ્લોટ નં. ૧૨/૨૩૭૯, ૧૨/૨૩૮૦, ૧૨/૨૩૮૧ છે. તો આ ત્રણ પ્લોટ પર જે એપાર્ટમેન્ટનું કામ ચાલે છે તે પ્લાન પાસ છે કે નહી તેની વિગત તેમજ પ્લાન મુજબનું કામ ચાલે છે. તેની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૫/૨૦૧૦–૧૧.

શ્રી બળવંત એચ. વરીયાનીતા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હાલ જે શીતલ કોમ્પ્લેક્ષની બાજુમાં એપાર્ટમેન્ટનું કામ છે તે માલીકનું નામ અને સરનામુ મુદ્દા નં.(૨) આ જે જગ્યા પર એપાર્ટમેન્ટનું કામ ચાલે છે. તેનો પ્લોટ નં. ૧૨/૨૩૭૯, ૧૨/૨૩૮૦, ૧૨/૨૩૮૧ છે. તો આ ત્રણ પ્લોટ પર જે એપાર્ટમેન્ટનું કામ ચાલે છે તે પ્લાન પાસ છે કે નહી તેની વિગત તેમજ પ્લાન મુજબનું કામ ચાલે છે. તેની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ ૧૭૧૭ તા.૨૮–૨–૧૧થી આપેલ માહિતી યોગ્ય જવાબ ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં પ્લાન મંજુરી બાદ બાંધકામની પ્રગતિ સબંધે બાંધકામ ધારક કે તેમના આર્કીટેકટ એન્જીનીયર કક્ષાએથી કોઈ રીપોર્ટ રજા ચિઠ્ઠીની શરતો નિયમોનુસાર રજુ થયેલ છે કે કેમ? તેમજ બીલ્ડીંગ ઈન્સ્પેકટર ધ્વારા કોઈ અલગ તપાસ રીપોર્ટ રજુ થયેલ છે કે કેમ? હોય તો તેની નકલો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૭૦ તા.૨૨–૩–૧૧થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમને મુળ અરજીથી માંગેલ માહિતી તે પૈકી નહીં મળેલ અગર મળ્યા પૈકીની નારાજગીની વિગતો તથા ફી ની વિગત રજુ કરેલ ન હોઈ તે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૧૯૩૯ તા.૩૦–૩–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૭૧૨૦ તા.૯–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૧૭૧૭ તા.૨૮–૨–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૪–૧૧ ના પત્રથી પૂરક વિગતો રજૂ કરતો પત્ર , અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી આપેલી માહિતી અંગે નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૧૭ તા.૨૮–૨–૧૧ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી પમ્પીંગથી સૈયદપુરા મેઈન રોડ ઉપર સૈયદપુરા માર્કેટ ખાતે શીતલ કોમ્પ.ની બાજુમાં ચાલતા એપાર્ટ.ની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૭૧૨૦ તા.૯–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૧૭ તા.૨૮–૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) હાલ જે શીતલ કોમ્પ્લેક્ષની બાજુમાં એપાર્ટમેન્ટનું કામ છે તે માલીકનું નામ અને સરનામુ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/૨૩૭૮ બ, ૨૩૭૯/અ–બ, ની મિલ્કતના પ્લાનના માલિક તરીકે શ્રી અમજદખાન અમાનુલ્લાખાન (પાવર ઓફ એટર્ની હોલ્ડર ઓફ હલીમા ખાતુન અમાનુલ્લાખાન વિ.ના) સૈયદપુરા, સુરત છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ જે જગ્યા પર એપાર્ટમેન્ટનું કામ ચાલે છે. તેનો પ્લોટ નં. ૧૨/૨૩૭૯, ૧૨/૨૩૮૦, ૧૨/ ૨૩૮૧ છે. તો આ ત્રણ પ્લોટ પર જે એપાર્ટમેન્ટનું કામ ચાલે છે તે પ્લાન પાસ છે કે નહી તેની વિગત તેમજ પ્લાન મુજબનું કામ ચાલે છે. તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ ન..૧૨/૨૩૭૮ બ, ૨૩૭૯/અ–બ ની મિલ્કતના પ્લાન સેન્ટ્રલઝોન આ.નં.૨૯ તા.૨૭–૪–૧૦ થી મંજુર કરવામાં આવેલ છે. સેન્ટ્રલઝોન કક્ષાનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં સદર મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અંગેની કોઈ વિગત નથી. તેવું જણાવેલ છે. (૩) પ્લાન પાસ કરનાર અધિકારીનું નામ અને હોદ્દા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકતના પ્લાન શ્રી એન કે. પરમાર કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) અગર પ્લાન પાસ નથી તો મેઈન રોડ પર આટલુ મોટું પાંચ માળનું બાંધકામનું કામ ચાલુ

હોય આ બાંધકામ ન અટકાવવાનું કારણ આપવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ સેન્ટ્રલઝોન કક્ષાએથી ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીએ ફકત રેકર્ડ આધારીત માહિતી આપવાની હોય છે તો શું આ જવાબ યોગ્ય છે. જે અંગે  આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.તથા હાલની પરિસ્થિતિ મુજબ બાંધકામના સ્થળ ઉપર તપાસ કરી બાંધકામ કેટલા ટકા કામ વિરુધ્ધનું છે તેની માહિતીની માંગણી કરી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં મુદા નં.૪ નો આપેલ જવાબ યોગ્ય લાગતો નથી અને બાંધકામની રૂબરૂ તપાસ કરી પ્લાન વિરુધ્ધ કેટલા ટકા છે તેવી માહિતીનો આગ્રહ રાખેલ છે. આમ અરજદારની સ્થળ તપાસ કરીને માંગેલ માહિતી પૂરી પાડવાનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈ કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારને મુદ્દા નં.૨ માં ઉપલબ્ધ રેકર્ડ આધારીત સદર મિલ્કતમાં ગેરકાયેસર બાંધકામ અંગેની કોઈ વિગતો નથી તેવું જણાવેલ છે. સાથે બાબત હેઠળની મિલ્કતના પ્લાન મંજુર હોવાનું પણ જણાવેલ છે. આમ અરજદારે મુદ્દા નં.૪ ની માહિતી ધારણા–અનુમાનિત આધારિત માંગેલ જણાય છે. " અગર પ્લાન પાસ નથી " તો પરંતુ મુદ્દા નં.૨ અને ૩ ની જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી જોતાં મુદ્દા નં.૪ અપ્રસ્તુત બને. અત્રે એ પણ સૂચક છે કે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પ્લાન પાસ પછી બાંધકામ પ્રગતિની કોઈ દફતરી વિગતો રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી બળવંત એચ. વરીયા,